www.researchguru.net
Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-14, Issue-1, June-2020

# ગોવિંદગુરૂ અને ભગત ચળવળ

**ભાભોર રાજેશકુમાર વી.**
પીએચ.ડી. રીસર્ચ સ્કોલર, મો. ૭૪૦૫૩૦૪૫૧૦

**પ્રસ્તાવના:**૧૯મા સૈકાના ઉત્તરાર્ધમાં આદિવાસીઓ સામાજિક અને આર્થિક રીતે પછાત જીવન જીવતા હતા. તેમનામાં રાજકીય જાગૃતિનો અભાવ હતો. ૧૯મી સદી ગુજરાતના ઈતિહાસમાં સમાજ પરિવર્તનની સદી ગણાતી હોવા છતાં તે વખતની પ્રવૃત્તિઓ ભદ્રવર્ગીય અને શહેરી સુધારણા પ્રવૃત્તિઓ બની રહી હતી. નર્મદ, દલપતરામ, કરશનદાસ મુળજી, મહિપતરામ જેવા સુધારકોની વાત આદિવાસીઓ સુધી પહોંચી ન હતી. સયાજીરાવ ગાયકવાડ અને ખ્રિસ્તી મિશનોની શૈક્ષણિક પ્રવૃત્તિઓના થોડા-થોડા પ્રયાસોને બાદ કરતાં ગુજરાતના આદિવાસીઓની દરકાર તો શું તેમની સામે જોવાની પણ કોઈએ તસ્દી લીધી ન હતી. સરકારી અને બિનસરકારી સંસ્થાઓ દ્વારા આદિવાસીઓમાં સમાજપરિવર્તનના ક્ષેત્રે શૂન્યાવકાશ હતો, ત્યારે ભીલોનું પરોઢ થયું ભીલ જનજાગૃતિના ઈતિહાસનું પાનુ પલટાયુ.

૧૯મા સૈકામાં ગુજરાતનો ઈતિહાસ આદિવાસીઓની ઉદગમવાદી પ્રવૃત્તિઓથી પ્રભાવિત રહ્યો હતો. ગુજરાતમાં બ્રિટિશ સત્તાની સ્થાપના થઈ ત્યારથી લઈ સમગ્ર ૧૯મી અને ૨૦મી સદીના ત્રીજા દસકા સુધી તેમની ઉદામવાદી ચળવળો ચાલુ રહી હતી. જેના નમૂના તરીકે ૧૮૨૬ની પંચમહાલના નાયકાઓની ચળવળ, ૧૮૩૮માં કેવળ નાયકની ચળવળ, ૧૮૫૭-૫૯માં રૂપા નાયક – કેવળ નાયકની ચળવળ, ૧૮૬૮માં જોરીયા ભગતનો બ્રિટિશ શાસન અને દેશી રજવાડાઓને પડકાર, ૧૯૧૩માં ગોવિંદગુરૂની ચળવળ એમ ૧૯૨૨-૨૩માં દેવી ચળવળ, ૧૯૨૨માં મોતીલાલ જેતાવતની ચળવળોની ગણતરી થઈ શકે. આ બધામાં ગોવિંદગુરૂની ભગત ચળવળ આદિવાસી ચળવળોના ઈતિહાસમાં વિશિષ્ટ મહત્વ ધરાવે છે.

### ગોવિંદગુરૂનો પરિચયઃ

ગોવિંદગુરૂનો જન્મ ઈ.સ.૧૮૭૪માં રાજસ્થાનના ડુંગરપુર જિલ્લામાં વેદસા ગામે થયો હતો. તેમના પિતાનું નામ બેચરગર હતું. તેમનો જન્મ વણઝારા જ્ઞાતિમાં થયો હતો. ઈ.સ.૧૮૯૯-૧૯૦૦માં પડેલા છપ્પનિયા દુષ્કાળ વખતે કુટુંબ સાથે સંતરામપુર તાલુકાના નટવા ગામે સ્થાયી થયા હતા. દુષ્કાળમાં તેમના પત્ની અને બાળકો મૃત્યુ પામ્યા. ત્યારબાદ સામાજિક અને ધાર્મિક બાબતે ઉપદેશ આપવાની શરૂઆત કરી, અને ઘણા ભીલો તેમના શિષ્ય બન્યા. જે 'ભગત ભીલો' તરીકે ઓળખાયા. તેમનો ધાર્મિક-સામાજિક ઉપદેશ 'ભગત સંપ્રદાય' તરીકે પ્રચલિત થયો હતો. ૩૦ ઓક્ટોબર ઈ.સ.૧૯૩૧માં ઝાલોદ તાલુકામાં કંબોઈ ફળિયામાં તેમનું અવસાન થયું.

### ભગત ચળવળઃ

ગોવિંદગુરૂની સમાજ-સુધારણાની પ્રવૃત્તિઓને 'ભગત ચળવળ' તરીકે ઓળખવામાં આવે છે. આમ, ગુજરાત અને પંચમહાલના આદિવાસીઓમાં સામાજિક અને

ધાર્મિક સુધારણા માટે અનેક ચળવળો થઈ છે. પરંતુ ગોવિંદગુરૂની ભગત ચળવળનો પંચમહાલના ભીલો પર એટલો વ્યાપક પ્રભાવ હતો કે તે ભગત ચળવળના પર્યાયરૂપે ગણાય છે. ગોવિંદગુરૂએ ભીલોની પરંપરાગત નબળાઈઓ, કુરિવાજો અને ગૂઢ આત્મવાદી ખ્યાલો વિરુદ્ધ ભગત ચળવળનો પ્રારંભ કર્યો. લાખો આદિવાસીઓ તેઓના શિષ્ય બન્યા. ગોવિંદગુરૂના ઉપદેશો તથા ધુણીથી ભીલોમાં ધીમુ પરંતુ મક્કમ પરિવર્તન આવ્યુ. ભગતાઈની માળા બાંધી હજારો ભીલો ગોવિંદગુરૂના ચીંધ્યા માર્ગે આગળ વધી રહ્યા હતા. ગોવિંદગુરૂના ઉપદેશો પણ ફળદાયી નીવડી રહ્યા હતા. તેમના ઉપદેશથી ભીલો દારૂ છોડવા લાગ્યા, તેથી રજવાડાઓની દારૂની આવકમાં ઘટાડો થવા લાગ્યો. ૨૦મા સૈકાના પ્રારંભે ભગત ચળવળનો વિસ્તાર ખૂબજ વધી ગયો હતો. પૂનમ, બીજ, દર શનિવારે આજુબાજુના ભીલો ભેગા થતા અને ભજન કરતા. હવે ગોવિંદગુરૂના ઉપદેશોથી શિક્ષણ અને સાંસ્કૃતિક અસરો રૂપે ગુલામી અવસ્થામાં જીવતા ભીલોમાં જાગૃતિ આવી હતી. તેઓએ ગુરૂના ઉપદેશો સ્વીકારી લીધા. તેઓના ઉપદેશોને આત્મસન્માન આપી ભીલો સામાજીક કક્ષા સુધારતા હતા.

ગોવિંદગુરૂ પોતાની આ ભીલ સમાજ સુધારણાની પ્રવૃત્તિને ‘નુગરામાંથી સુગરા’ બનાવવાની પ્રક્રિયા તરીકે ઓળખાવતા હતા. અર્થાત્ ‘ગુરૂ વગરના ગુરૂવાળા’ બતાવવા અથવા ‘નિર્ગુણ’ માંથી ‘સગુણ’માં રૂપાંતર કરવાની પ્રક્રિયા. આદિવાસીઓની પરંપરાગત રીતે ચાલી આવતી ભગત પ્રવૃત્તિઓને ગોવિંદગુરૂએ પોતાના સમય સંદર્ભે યોગ્ય ફેરફારો સાથે વિશાળ ભગત આંદોલનમાં ફેરવી હતી. ગોવિંદગુરૂનું ભગત આંદોલન ખ્રિસ્તી મિશનરીઓના ધર્માંતર કાર્યમાં થોડે ઘણે અંશે વિઘ્નરૂપ બન્યું હતું. ઈ.સ.૧૯૧૩માં થાંદલાના ફ્રેન્ચ મિશનરીએ ગોવિંદગુરૂના આંદોલનના વધતા વ્યાપને અટકાવવા બ્રિટીશ સત્તાધીશોને ઉશ્કેરણી કરી હતી. ભગત આંદોલનથી કેળવાયેલા ભગત ભીલો ધર્મ ઉપરાંત સમાજજીવનના અન્ય ક્ષેત્રોમાં પણ નેતાઓ તરીકે પ્રસ્થાપિત થયા હતા. ભગત આંદોલનથી આદિવાસીઓમાં ઘણું સામાજિક પરિવર્તન આવ્યું. બડવા-ભોપાની વાણીમાં આંધળો વિશ્વાસ મુકતાં ભીલો, હવે આધુનિક દવાઓ-રસીઓમાં વિશ્વાસ મુકતા થયા હતા. આમ, ભગત આંદોલને પરંપરા તો ખરી જ સાથે પ્રગતિના ચિહ્નો પણ પ્રસ્તુત કર્યા હતા.

એક તરફ ભગત ચળવળ આદિવાસીઓને સુસંસ્કૃત બનાવી રહી હતી તો, બીજી તરફ દેશી રજવાડાઓ, જાગીરદારો અને જમીનદારો સ્થાપિત હિતો માટે વિઘાતક બની રહ્યા હતા. વેઠપ્રથા, દારૂનું ચલણ તથા આદિવાસીઓનું પછાતપણું વગેરે સ્થાપિત હિતો માટે હંમેશા ફાયદેમંદ રહ્યુ હતું. પરંતુ ગોવિંદગુરૂના ઉપદેશથી સુધરેલા આદિવાસીઓના સુધારક વલણને લીધે સ્થાપિત હિતો જોખમાયા અને દેશી રજવાડાઓ ભગત સંપ્રદાયની પ્રવૃત્તિઓને નાથવા મેદાને પડ્યા હતા. સુંથ, વાંસવાડા અને ડુંગરપુરના રાજાઓએ તેની આગેવાની લીધી. કાયદો અને વ્યવસ્થાની સ્થિતી જાળવવા મજબૂર બનેલા બ્રિટિશ શાસને દેશી રાજ્યોની લશ્કરી કાર્યવાહીમાં સહયોગ આપ્યો. જેને પરિણામે માનગઢ હત્યાકાંડ જેવી દારૂણ ઘટના સર્જાઈ.

**માનગઢ હત્યાકાંડઃ**

માનગઢ હત્યાકાંડ એ ભગત ચળવળના આત્મારૂપ ઘટના હતી. પંચમહાલના ભીલોને

મન તો 'જલિયાવાલા બાગ' જેવી કરૂણાંતિકા હતી. માનગઢ હત્યાકાંડ અને એ પછી ભગત ચળવળ રાજકીય ચળવળમાં પરિવર્તિત થઈ રક્તરંજિત બન્યો. ભગત ચળવળની સુધારાવાદી પ્રવૃત્તિઓ દેશી રાજ્યોના પરંપરાગત અર્થતંત્રમાં ગાબડાં પાડતી હતી. જેના પ્રત્યાઘાતરૂપે દેશી રાજ્યો ભગત ચળવળને કચડી નાખવા તૈયાર થયા. જેની શરૂઆત તેઓએ ભગત સંપ્રદાયના અનુયાયીઓને માનસિક હેરાનગતિ કરવાથી કરી. દેશી રાજ્યોના નકારાત્મક વલણના કારણે 'ભીલ રાજ' સ્થાપવાનો વિચાર આવ્યો. ગોવિંદગુરૂ અને તેનો શિક્ષિત શિષ્ય પૂંજા ધીરજી પારગી તથા સરહદી રાજ્યોના આગેવાનોએ ઓક્ટોબર ૧૯૧૩માં 'ભીલરાજા'નું આહવાન કરવાનું નક્કી કર્યું. અને માનગઢ ખાતે ભેગા થવાનું નક્કી થયું. અહીં મોટી ધૂણીની સ્થાપના કરી. ભીલો માટે માનગઢ અતિ પવિત્ર સ્થળ બન્યુ. આ દરમિયાન સંતરામપુર રાજ્યના જમાદાર ગુલમહમ્મદનું પૂંજા ધીરજી દ્વારા ખૂન અને ભગત ભીલો દ્વારા સંતરામપુર રાજ્યના પ્રતાપગઢના કિલ્લા પર હલ્લો વગેરે જેવી ઘટનાઓએ ભગત ચળવળ ગમે ત્યારે રાજકીય ચળવળ બની શકે છે. તેઓ અણસાર આપ્યો જે ૧૭ નવેમ્બર ૧૯૧૩ની માનગઢની ઘટનાથી સાબિત થઈ ગયું.

૧૭ નવેમ્બર ૧૯૧૩ના રોજ માનગઢ મુકામે ભીલોના એક ધાર્મિક મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૩૦૦૦ જેટલાં ભગત ભીલો એકઠાં થયાં. ગોવિંદગુરૂ અને ભીલ અનુયાયીઓનું વિશાળ સંખ્યામાં એકઠાં થવાથી સંથ, કુશલગઢ, વાંસવાડા અને ડુંગરપુર જેવા દેશી રાજ્યોમાં ગભરાટ ફેલાઈ. ગોવિંદગુરૂની સુંથના શાસકોએ ધરપકડ કરી ભીલોને માનગઢ પરથી વીખેરાઈ જવા પોલીટીકલ એજન્ટે વિનંતી કરી. છતાં ભલો માનગઢથી વિખેરાયા નહીં, ગોવિંદગુરૂ સામે લશ્કરી કાર્યવાહી કરવાના ભાગરૂપે ફેળવાયેલું બ્રિટિશ લશ્કર, મેવાડ ભીલ કોટર્સ અને સુંથ તથા ડુંગરપુરના દેશી લશ્કરોએ ૧૭ નવેમ્બર ૧૯૧૩ના રોજ મેજર સ્ટોકલી અને કેપ્ટન સર્ટનના નેતૃત્વમાં સવારે ૮.૩૦ વાગ્યે માનગઢ પર હુમલો કર્યો. ૯૦૦ લોકોને પકડવામાં આવ્યા અને આ લશ્કરી હુમલામાં ૧૫૦૦ જેટલાં ભીલો માર્યા ગયા. આજે તે 'જલિયાવાલા બાગ હત્યાકાંડ' જેવી કરૂણાંતિકા ગણાય છે.

**સમાપન:**

ગોવિંદગુરૂની ભગત ચળવળ એ ગુજરાતના આદિવાસીની મહાન ઘટના છે. દાયકાઓ સુધી ભીલ સમાજ પર પ્રભાવ પાડનાર આ ચળવળથી આજનો ભીલ સમાજ પણ પ્રભાવિત છે. ૧૯મી સદીના અંતમાં શરૂ થયેલી ભગત ચળવળ ભીલ સમાજમાં લોકપ્રિય રહી છે. ૨૧મી સદીના પ્રારંભે પણ ભગત ભીલોના પોતાના ગુરૂ, તેમના ઉપદેશો અને ધૂણીઓમાં શ્રદ્ધા ઓછી થઈ નથી. આજે પણ ભગત ભીલો માટે ગોવિંદગુરૂની આસ્થા અને વિશ્વાસનું પ્રતિક માનગઢની ધુણી છે.

**: સંદર્ભ :**


- ડૉ. અરૂણ વાઘેલા, આઝાદીના જંગનો આદિવાસી રંગ, અક્ષર પબ્લિકેશન, અમદાવાદ, આવૃત્તિ-૨૦૧૨.
- ડૉ. અરૂણ વાઘેલા, પંચમહાલના આદિવાસીઓની વિકાસયાત્રા, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, બીજી આવૃત્તિ – ૨૦૧૭.
- ડૉ. અરૂણ વાઘેલા, ગુજરાતની આદિવાસી સંસ્કૃતિ, અક્ષર પબ્લિકેશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ – ૨૦૧૩.
- ડૉ. અરૂણ વાઘેલા, સંસ્થાનિક ગુજરાતની આદિવાસી ચળવળો, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ – ૨૦૧૯.